
# ડીસાના રામસણ ખાતે ગૌચર સુધારણા ખાત મુહૂર્ત કાર્યક્રમ યોજાયો





ડીસા, તા.૧૨

ડીસા તાલુકાના રામસણ ગામે પ્રસિધ્ધ દેવનાથજી મંદિર ખાતે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગુજરાત અને ગ્રામ પંચાયત રામસણ દ્વારા ગૌચર સુધારણાનું ખાત મુર્હત રખાયું હતું. આ પ્રસંગે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગુજરાતના ડોકટર વલ્લભભાઈ કથીરીયા મુખ્ય ઉદઘાટક તરીકે હાજર રહ્યા હતા. જેઓએ ચલો ગાયકી ઓર ચલો ગાવ કી ઓર ચલો પ્રકૃતિકી ઓરનું સૂત્ર આપી ગોપાલકો અને ખેડૂતોને ગૌચરની ભૂમિને ગાયો માટે વ્રજભૂમિ બનાવવાની અપીલ કરી હતી.

જેની વિગતો જોઈએ તો ડીસા તાલુકાના રામસણ ગામે ગ્રામ પંચાયત કચેરી રામસણના સરપંચ દ્વારા ગૌચર સુધારણા અભિયાન અંતગર્ત આજે ખાત મુર્હત રખાયું હતું. આ પ્રસંગે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ ગુજરાતના ડોકટર વલ્લભભાઈ કથીરીયા ઉદઘાટક તરીકે જયારે લીલાધરભાઈ વાઘેલા શ્રમ અને રોજગાર મંત્રી ગુજરાત રાજય અધ્યક્ષ તરીકે હાજર રહ્યા હતા. જેમાં પૂર્વસાંસદ હરીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ કે.એસ. મોગરા, ગોપાલક બોર્ડ ગુજરાતના અધ્યક્ષ ડોકટર સંજયભાઈ દેસાઈ, ધાનેરા ધારાસભ્ય મફતલાલ પુરોહીત, નાયબ કલેકટર ડીસા પી.કે. હડુલા, તાલુકા વિકાસ અધિકારી સી.પી. ડગલા સહિતના અનેક મહાનુભાવો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જેમાં ડોકટર વલ્લભભાઈ કથીરીયાએ ગોપાલન ગૌ સંવર્ધન અને ગૌ આધારીત આર્થિક ઉત્કર્ષ આરોગ્ય અને પર્યાવરણ રક્ષા દ્વારા ગૌ સંસ્કૃતિનું પુનઃ સ્થાપન વગેરે બાબત પર સરકારની ગૌ રક્ષા માટેની નીતિઓ જાહેર કરી ગૌ રક્ષા પર ભાર મુકયો હતો. તેઓએ ગ્રામદીઠ ગૌચરની જમીનમાં ગાયો માટે ઘાસચારો અને તે રીતે ગૌચરનું દબાણ અટકાવવા સૌ ગ્રામજનોને અપીલ કરી હતી.

જયારે ગોપાલક બોર્ડના ડોકટર સંજયભાઈ દેસાઈએ ગૌ રક્ષા પર ભાર મુકી ગોપાલકોને ગાયોના ઉછેર અને જાળવણી માટે આગળ આવવા અપીલ કરી જણાવ્યું હતું કે ગામડા નક્કી કરવા માટે સરકાર શ્રી દ્વારા હયાત ગૌચરની જમીન ગામનો ઉત્સાહ, સેવાભાવી કાર્યકરોની ટીમ, દાતાઓ, સામાજીક ધાર્મિક સંસ્થાઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓના સહયોગથી ગૌ રક્ષા ગોપાલન અને ગૌ આધારીત આર્થિક ઉત્કર્ષ વિકાસશીલ બનશે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં જિલ્લા ભાજપના પદાધિકારીઓ તેમજ કાર્યકરો અને સેવાભાવી સંસ્થાઓ, પાંજરાપોળ નિભાવતા દાતાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. જેમાં અંદાજીત દસ જેટલા ગામોના સરપંચોએ પોતાના ગામડાઓમાં ગૌચરની જમીન વિકસિત અને ખુલ્લી કરાવી ગોપાલન અને ગૌરક્ષાનો સંકલ્પ લીધો હતો.

# ક્ષત્રિય ઠાકોર સમાજના પત્રકારોની ચિંતન બેઠક યોજાશે

પાલનપુર, તા.૧૨

ક્ષત્રિય ઠાકોર સમાજમાં પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતન કરવા તેમજ સમાજના વિકાસની ચર્ચા માટે પાલનપુર સરકીટ હાઉસ ખાતે પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય ઠાકોર સમાજના પત્રકારોની મહત્વની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠક તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન યોજાનાર છે. જેમાં ક્ષત્રિય ઠાકોર સમાજના અધિકારીઓ, સરકારી કર્મચારીઓ, એડવોકેટો અને સમાજસેવકો સાથે પરામર્શ કરી સમાજમાં એકતા, શિક્ષણ, વિકાસ અને પરિવર્તન જેવા મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ઠાકોર સમાજના પત્રકારો જેઓ દૈનિક, સાપ્તાહીક, ટીવી ચેનલ તેમજ અન્ય કોઈ સમાચાર માધ્યમમાં કામ કરતા હોય તેમણે ફરજીયાત હાજર રહેવું. સમાજના પત્રકારોનું સંગઠન બનાવવાનું આયોજન હોવાથી તમામ પત્રકારો હાજર રહે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિશ્વ વસતિ દિન નિમિત્તે હિંમતનગરમાં રેલી યોજાઈ

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક હેલ્થ ઓફિસ હિંમતનગર દ્વારા હિંમતનગર ખાતેથી વિશ્વ વસ્તી દિન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે હિંમતનગર શહેરમાં ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પ્રસ્થાન બ્લોક હેલ્થ ઓફિસર હિંમતનગરના ડૉ. સતીષકુમાર વ્યાસે કરાવ્યું હતું. વિશ્વવસ્તી દિન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે આજરોજ હિંમતનગર ખાતેથી સવારે ૧૧ કલાકે હિંમતનગર સિવિલ હોસ્પિટલ થી આંબેડકર સર્કલ, ટાવર ચોક, જિલ્લા પંચાયતથી પરત સિવિલ હોસ્પિટલ સુધી ભવ્ય રેલી યોજાઈ હતી. આ રેલીમાં જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફિસરો, સ્ટુડન્ટો, સામાજીક સંસ્થાઓએ બેનરો અને પ્લેકાર્ડ, પ્રચાર પત્રિકા સાથે વિશ્વમાં વસ્તી વધારો અને તેના નિયંત્રણ અટકાવવા માટે પ્રચાર કર્યો હતો. સમગ્ર રેલીનું સફળ સંચાલન મૂળજીભાઈ પટેલે કર્યું હતું.



વિશ્વ વસતી દિવસ નિમિત્તે ભિલોડા ખાતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# હિંમતનગર તાલુકા સરપંચ એસો.ના હોદ્દેદારોની બિનહરીફ વરણી

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના તમામ ગામડાઓના ચૂંટાયેલા સરપંચોનું એસોસિએશન બનાવવા માટે આજે હિંમતનગરના હરિસિદ્ધ માતાજી મંદિરે એક સંયુક્ત બેઠક યોજાઈ હતી. જેમાં ૮૯ સરપંચો હાજર રહ્યા હતા અને બેઠકના અંતે સરપંચ એસોસિએશનના હોદ્દેદારોની સર્વાનુમતે બિન હરિફ વરણી કરવામાં આવી હતી. હિંમતનગર તાલુકાના ગામડાઓમાંથી ચૂંટાયેલા સરપંચોની મળેલી બેઠકમાં પ્રમુખ પદે જામરાના સરપંચ મહેન્દ્રસિંહ રાઠોડ, ઉપપ્રમુખ પદે નવા ગામના સરપંચ અરવિંદભાઈ પટેલ અને કડોલીના સરપંચ વિજયકુંવરબા ઝાલા, ખજાનચી પદે પુરાલના સરપંચ વિનોદભાઈ પટેલ, સહ ખજાનચી પદે મહાદેવપુરાના સરપંચ ઝેહરાબેન વોરા, મંત્રીપદે પ્રેમપુરના સરપંચ મહેશભાઈ પટેલ, સહમંત્રી પદે કાંણીયોલના સરપંચ નીતાબેન જોષી, મિડીયામંત્રી પદે સઢાના સરપંચ રાજેન્દ્રસિંહ રાઠોડ, સહ મિડીયા મંત્રી પદે રાયગઢના સરપંચ હીરાલાલ જોષી, ફરિયાદ સેલ મંત્રી પદે મહેરપુરાના સરપંચ સબ્બીરભાઈ લોઢા તથા સહ ફરિયાદ સેલ મંત્રી પદે દેસાસણના સરપંચ અંકિતકુમાર પટેલ જ્યારે સલાહકાર સમિતિના સભ્યોતરીકે વિક્રમસિંહ ઝાલા, જસવંતસિંહ ઝાલા, પૂજાંભાઈ પટેલ, અસરફભાઈ દાંતરોલીયા, ચીમનગીરી ગોસ્વામી, શામળભાઈ વણકર, રશ્મીકાબેન પરમાર અને રામાભાઈ ચમારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# વકીલ હડતાળ : બીજા દિવસે કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત

## વકીલો અને પોલીસ સામસામે

અમદાવાદ, તા.૧૨

કેન્દ્ર સરકારનાઉચ્ચતર શિક્ષણ અને સંશોધક વિધેયક તેમજ અન્ય સંબંધીના વિધેયકોના ખરડાના વિરોધમાં વકીલોએ બે દિવસ કોર્ટ કાર્યવાહીથી અળગા રહી આજે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. વકીલો આવેદનપત્ર પાઠવવા ગયા ત્યારે કલેક્ટર કચેરીનો ગેટ બંધ કરી દેવાતા વકીલો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

જો કે બાદમાં વકીલોને પ્રવેશ આપવા દેવામાં આવ્યો હતો. વકીલો આજે ઘી કાંટા કોર્ટથી વાહન રેલી સ્વરુપે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં પોલીસે કલેક્ટર કચેરીનો ગેટ બંધ કરી દીધો હતો. જેને પગલે વકીલો ભારે રોષે ભરાયા હતા. બાદમાં વકીલોના ઉગ્ર વિરોધ બાદ ગેટ ખોલાયો હતો. વકીલોએ ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આ અંગે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન દિલીપ કે. પટેલ તથા લડત સમિતિના કો-કન્વીનર, અનીલ સી. કેલ્લા એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થનાર ઉચ્ચતર શિણ અને સંશોધન વિધેયક, ૨૦૧૧ (એચઈઆર બીલ, ૨૦૧૧)નો વિરોધ પ્રદર્શિત કરવા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ આપેલા એલાનના સમર્થનમાં સમગ્ર ગુજરાતના વકીલો તા. ૧૧ અને ૧૨મી જુલાઈ, ૨૦૧૨ના રોજ કોર્ટ કામકાજથી અળગા રહ્યા હતા.

ઉચ્ચતર શિક્ષણ અને સંશોધન વિધેયક ૨૦૧૧ (એચઈઆર બીલ, ૨૦૧૧) અને અન્ય સંબંધિત વિધેયકોના વિરોધમાં ગુજરાતભરના વકીલોએ આક્રોશ વ્યકત કરેલ અને ગુજરાતના તમામ તાલુકા અને જિલ્લા કોર્ટના દરવાજે ઉભા રહી કોર્ટ કામકાજથી અળગા રહ્યાની સાથોસાથ સુચીત બીલોના વિરોધમાં સૂત્રોચ્ચાર કર્યા. બીલની હોળી કરવામાં આવેલ અને માનવ સાંકળ રચેલ હતી.

# માણસા ખરીદ વેચાણ સંઘનો ૧૨ વર્ષે પોતાના મકાનમાં પ્રવેશ

## મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો હાજર રહ્યા

માણસા, તા.૧૨

માણસા તાલુકા ખરીદ વેચાણ સંઘ તાલુકાના વિભાજનને કારણે વિજાપુરમાંથી અલગ પડી અસ્તિત્વમાં આવ્યો હતો. જે શરૂમાં ટેબલ ખુરશી લઈ કાળક્રમે કાચબા ગતિએ પણ પ્રગતિ કરી આજે ચેરમનના શુભ આશયથી પોતાના મકાનમાં પ્રવેશ કર્યો હતો. જેના ઉદઘાટનમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

મળતી માહિતી અનુસાર વર્ષ ૧૯૯૮માં તાલુકાઓનું વિભાજન તથા માણસા તાલુકો અસ્તિત્વમાં આવ્યો હતો અને જેના કારણે માણસા તાલુકા ખરીદ વેચાણ સંઘ વિજાપુરથી અલગ થતા પ્રથમ ચેરમેન કાલીદાસ દ્વારા શરૂઆતમાં ટેબલ ખુરશી લઈ ને સહકારી સંઘમાં ગોડાઉન કરી શરૂ થઈ બાદમાં ખેડુતો સાથે વધુ સંપર્ક કરવા માટે નવા માર્કેટ યાર્ડમાં ભાડાના મકાનમાં સંઘનો વહીવટ ચાલતો હતો. જેમાં સુંદર વિચારસરણીને લઈ બાર વર્ષમાં માત્ર ત્રણ ચેરમેન જ બદલાયા છે તેમાં વર્ષ અગાઉ ચેરમેન બનેલા પંકજભાઈ પટેલે સંઘનું પોતાનું મકાન હોવું જોઈએ તેવા વિચાર સાથે ભંડોળ નહીં હોવા છતાં પોતાનું વીસ લાખ જેટલું યોગદાન આપી સંઘના નવા મકાનનું નિર્માણ કર્યું હતું. જેનો ઉદઘાટન સમારોહ આજે યોજાયો હતો. જેનું ઉદઘાટન ઈસ્કોનના ચેરમેન નટવરલાલ પટેલે કર્યું હતું. જયારે સમારંભના અધ્યક્ષ પદે વિપુલ ચૌધરી હાજર રહ્યા હતા. જયારે મુખ્ય મહેમાન તરીકે શકિતસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતા અને સહકારી પ્રવૃત્તિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે સી.જે. ચાવડા, હરિભાઈ ચૌધરી, ઈશ્વરસિંહ ચાવડા, બાબુજી ઠાકોર, મહેશભાઈ પટેલ, પરેશભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતાં.

# બોલિવુડના ફિલ્મ પ્રોડ્યુસર વિમાનીમથક ઉપર ઝડપાયા

## પ્રકાશ ચંદનાનીએ ગલી ગલી ચોર હૈ ફિલ્મ બનાવી હતી

## લુક આઉટ નોટીસ આધાર પર ચંદનાનીની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૨

બોલીવુડ ફિલ્મ પ્રોડ્યુસર અને આઈપીએલ મેચોમાં સટ્ટેબાજીના આરોપી પ્રકાશ ચંદનાની અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપાયો છે. નોંધનીય છે કે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે તેના વિરુદ્ધ લુક આઉટ નોટીસ કાઢી હતી. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે સટ્ટાબાજીમાં ફિલ્મ પ્રોડ્યુસર પ્રકાશ ચંદનાનીનું નામ બહાર આવ્યું હતું. જો કે તે નાસતો ફરતો હતો. જેથી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે તેની વિરુદ્ધ લુક આઉટ નોટીસ કાઢી હતી. દરમ્યાનમાં આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર અમીરાતની ફલાઈટ આવી હતી. ત્યારે મુસાફરો ઈમીગ્રેશન ચેકીંગમાં હાજર હતા.

ચેકીંગ દરમિયાન ઈમિગ્રેશન અધિકારીઓએ ચંદનાનીને લુક આઉટ નોટીસના આધારે ઓળખી લીધો હતો અને સરદારનગર પોલીસને હવાલે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પ્રકાશ ચંદાણી પર એ આરોપ પણ છે કે તેણે સટ્ટાબાજીમાંથી કમાયેલી રકમ ગલી ગલી ચોર હૈ ફિલ્મમાં રોકી હતી. આ ફિલ્મની સ્ક્રિનીંગ સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારેના ગામમાં તેમની સામે જ કરવામાં આવી હતી. મે મહિનામાં પોલીસના હાથે લાગેલા સટ્ટેબાજ સોનુ મલાડની પૂછતાછમાં આ ફિલ્મના સહનિર્માતા પ્રકાશ ચંદાણીનું નામ સામે આવ્યું હતું. ૧૭મી મેના રોજ પોલીસે બે બુકીઓ સહિત ૬ સટ્ટેબાજોની ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યા અનુસાર સોનુ અને અન્ય એક બુકી આશિષ સટ્ટેબાજી માટે સીધા જ પ્રકાશ ચંદાણીને ફોન કરતા હતાં. આ મામલે જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર નીતિન મનમોહન પણ પોલીસની તપાસ હેઠળ છે.

# ભ્રષ્ટાચારમાં સ્વતંત્ર તપાસ એજન્સી નિમવા માંગ થશે

અમદાવાદ, તા.૧૨

મ્યુનિસિપલ ચીફ ઓડીટરના વાર્ષિક અહેવાલમાં કોર્પોરેશનમાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓ માટે સ્વતંત્ર તપાસ એજન્સી નિમવાની રજુઆત રાજ્યપાલ સમક્ષ કરવા માટે કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં મળશે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે મ્યુનિ. કોર્પોરેશનના વિવિધ વિભાગોમાં અને પ્રોજેકટોમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલે છે. આ બાબતે મેં અનેકવાર પત્ર લખીને તેમજ મૌખિક રજૂઆતો મ્યુ. કમિ. તથા સત્તાધારી પક્ષના હોદ્દેદારોને છે. તેમ છતાં કોઈ કાર્યવાહી થયાનું જણાતું નથી. ત્યારે મ્યુ. કોર્પો.નો વહીવટ ખાડે ગયો હોય તેવી તીવ્ર લાગણી વર્તાઈ રહી છે. જેથી મ્યુ. કોર્પો.નો વહીવટ પારદર્શક અને ભ્રષ્ટાચારમુક્ત રીતે થાય તે માટે તપાસ કરવી જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય બની રહે છે. મ્યુ. કોર્પોરેશનમાં સત્તાધારી પક્ષ તથા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવતી ગેરરીતિ અને ભ્રષ્ટાચારને ઉજાગર કરતી બાબતો મ્યુ. કોર્પો.નો સને ૨૦૧૧-૧૨નો મ્યુ. ચીફ ઓડીટર દ્વારા પ્રસિદ્ધ થયેલા વાર્ષિક અહેવાલમાં જણાવેલી હોવા છતાં તેને ગંભીરતાથી લેવામાં આવ્યું નથી. જેથી ભ્રષ્ટાચાર અટકાવવા તેમજ ગેરરીતિ બાબતે તપા કરી જરૂરી કાર્યવાહી કરવા માટે રજુઆત કરવા આગામી દિવસોમાં રાજ્યપાલ રૂબરૂ મળીને અમદાવાદ મ્યુ. કોર્પો.ના સને ૨૦૧૧-૧૨ના વાર્ષિક અહેવાલમાં મ્યુ. ચીફ ઓડિટર દ્વારા જણાવેલી અસંખ્ય ગંભીર ગેરરીતીઓ, અક્ષમ્ય અનિયમિતા, નાણાંકીય ગોટાળા જેવી બાબતે સ્વતંત્ર તપાસ એજન્સી નીમવા અથવા ગુજરાત રાજ્યના ચીફ વિજીલન્સ ડિર્પા. દ્વારા તપાસ કરાવવામાં આવે અને જે કોઈ કસુરવાર હોઈ તેની સામે કડક કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષના આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ રૂબરૂ મળીને રજુઆત કરશે. અને મ્યુ. ચીફ ઓડીટરના અહેવાલની નકલ સુપ્રત કરશે.

## મજરા પાટીયા પાસે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજના ઘડકણ-મજરા પાટીયા પાસે નેશનલ હાઈ-વે નં. ૮ પર ગતરોજ પ્રાંતિજ પોલીસને એક બિનવારસી ગાડી મળી હતી જેની તપાસ કરતા અંદરથી રૂ. ૯૬ હજારથી વધુનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ પોલીસ મથકના પી.આઈ. એસ.પી. કહારને ગતરોજ મેસેજ મળ્યા હતા કે નેશનલ હાઈ-વે નંબર ૮ પર એક ગાડીએ અકસ્માત કર્યો છે અને નાસી છૂટી હતી જે મેસેજના આધારે પી.આઈ. સહિત સ્ટાફના કર્મીઓએ ગાડીને પકડવા પીછો કર્યો હતો.

અને આ ગાડી મજરા-ઘડકણ પાટીયા નજીકથી મળી આવી હતી. ગાડીની તપાસ કરતા તેમાંથી જુદી જુદી બ્રાન્ડનો કિંમત રૂ. ૯૬,૬૦૦નો વિદેશી દારૂનો જથ્થો અને ૩ લાખની ગાડી મળી કુલ ૩,૯૬,૬૦૦ ગાડીના માલિકની શોધખોળ હાથ ધરી છે.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.


### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯ ૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩ ૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ, બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪ ૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

### જાહેર નિવિદા

(મિશન મંગલમ્)

**ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.**

બ્લોક નં. ૧૮, ત્રીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

ટે.નં. (૦૭૯) ૨૩૨૪૮૫૧૩-૧૪, ઈ-મેઈલ : finance.glpc@gmail.com

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી.ની કચેરીમાં હંકારનાર સાથે વાહનસેવા પુરી પાડવા માટે અનુભવી ટ્રાવેલ એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટ (R.P.A.D.)થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર અલગ અલગ કવરમાં માંગવામાં આવે છે. કોરા ટેન્ડર (નોન ટ્રાન્સફરેબલ) ફોર્મ વિતરણ અને પાછા મેળવવાની વિગતો નીચે મુજબ છે.

(૧) ટેન્ડર મેળવવાનું સ્થળ : જનરલ મેનેજર (ફાઈનાન્સ) ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. (સરનામું ઉપર મુજબ) (૨) ટેન્ડર ફી રૂ. ૧,૦૦૦/- (M.D. GLPC Ltd.)ના નામના ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (નોન રિફન્ડેબલ) (૩) કોરા ટેન્ડર ફોર્મ આપવાની તા. ૧૬/૭/૨૦૧૨ થી તા. ૨૫/૭/૨૦૧૨ સુધી (૪) ટેન્ડર રજીસ્ટર્ડ એ.ડી.થી પરત કરવાની છેલ્લી તા. : ૨૭/૭/૨૦૧૨ સમય : ૧૮-૦૦ કલાક સુધી (૫) પૂર્વ લાયકાત કવર ખોલવાની તા. : ૩૧/૭/૨૦૧૨ સમય ૧૫-૦૦ કલાકે (૬) એજન્સીના ભાવપત્રકો ખોલવાની સંભવિત તા. ૬/૮/૨૦૧૨ સમય ૧૫-૦૦ કલાકે

માહિતી/૮૧૭/૧૨-૧૩ — મેનેજીંગ ડિરેક્ટર


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર

મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન